ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૨.૪ ડીગ્રી
લઘુતમ : ૨૭.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૨૩ ટકા

# ‘ગ’ માર્ગ પર માર્ગ વચાળે મોટુમસ ગાબડુ

## ચાર રસ્તા પાસે માર્ગ વચ્ચે જ મોટો ખાડો અસ્તિત્વમાં આવતા ત્વરિત સમારકામ હાથ ધરવા સ્થાનિક રહીશોની માંગણી




ગાંધીનગર તા ૧૨

શહેરમાં માર્ગો પર વચાળે જ ભુવા પડતા હોવાનુ અનેકવાર ધ્યાને આવે છે. જયારે વરસાદી દિવસોમાં આ પ્રકારના ભુવા શહેરમાં રોજબરોજ જોવા મળતા હોય છે. માટી પોલાણ થવાના લીધે પણ રસ્તાઓની એકબાજુએ પણ ભયજનક ગાબડા અસ્તિત્વમાં આવે છે. શહેરના ગ માર્ગ પર સ્થિત સંગીત સર્કલ પાસે માર્ગ વચાળે જ ગાબડુ પડતા વાહનચાલકો તેમજ રાહદારીઓ માટે ભયજનક સ્થિતિ ઉભી થઈ છે.

શહેરના મુખ્યમાર્ગો પર સર્કલોની જાળવણીનો મુદ્દો છેલ્લા કેટલાક સમયથી રામભરોસે છે. ગ માર્ગ પર સંગીત સર્કલની દિવાલ તુટતા મોટુ ગાબડુ જોવા મળી રહ્યુ છે. જયારે સર્કલની સાથે હવે માર્ગ વચાળે પણ મોટુમસ ગાબડુ જોવા મળી રહ્યુ છે. ડામરના માર્ગ પર આકરી ગરમીની સિઝનમાં ઉંડો ખાડો પડી જતા ગમે ત્યારે આ ખાડો અકસ્માતનુ કારણ બને તેમ છે. હાલ આ સ્થળે પોલીસ બેરિકેટસ મુકી દેવાયા છે. પરંતુ માર્ગ વચાળે ખાડો અસ્તિત્વમાં આવતા વાહનચાલકો માટે ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે.આ વિસ્તારમાં ટ્રાફિકની અવરજવર પણ વિશેષ પ્રમાણમાં રહે છે. જયારે સર્કલ પાસે ચાર રસ્તાઓ હોવાથી વાહનોની અવરજવર રહે છે.આવા સંજોગોમાં માર્ગ વચાળે જ ખાડો અસ્તિત્વમાં આવતા ગમે ત્યારે જાનલેવા અકસ્માત થવાની પણ દહેશત છે. ત્યારે આસપાસના સ્થાનિકોમાં પણ આ ગાબડાનુ સમારકામ ત્વરિત હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## સ્ટેટ બેંક જ્ઞાન સર્જન અને વિકાસ સંસ્થા દ્વારા રકતદાન શિબિર યોજાયો

ગાંધીનગર, તા.૧૨

સ્ટેટ બેન્ક જ્ઞાનર્જન અને વિકાસ સંસ્થા, (ટ્રેનિંગ સેન્ટર), ગાંધીનગર દ્વારા સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર બ્લડ બેન્કનાં સહયોગથી એક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગરમીના દિવસોમાં લોહીની માંગનું પ્રમાણ ખૂબ ઊંચું હોય છે




અને દર્દીની સારવાર માટે ઘણીવાર રકતની તાતી જરૂરિયાત ઊભી થતી હોય છે આ વાતનું ધ્યાન રાખીને બેન્ક દ્વારા એક ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો. સ્ટેટ બેન્ક જ્ઞાનર્જન અને વિકાસ સંસ્થા દ્વારા વારંવાર આ પ્રકારના કાર્યક્રમ દ્વારા જન કલ્યાણના ઉમદા કામમાં અમુલ્ય ફાળો આપવામાં આવે છે.

આ શિબિરમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના નવા ભરતી થયેલ જુનિયર આસિસ્ટન્ટ તેમજ સ્ટેટ બેન્ક જ્ઞાનર્જન અને વિકાસ સંસ્થાના કર્મચારીઓ દ્વારા આ ભગીરથ કાર્યમાં ઉત્સાહભેર ૨૬ યુનિટનું રક્તદાન કર્યું હતું. સ્ટેટ બેન્ક જ્ઞાનર્જન અને વિકાસ સંસ્થા , ગાંધીનગરના ડાયરેક્ટર વિનોદ અમલાણી તથા ફેકલ્ટી હીતેશ દવે, મનોજકુમાર, સુ.શ્રી રીમા તિવારી, વિનયકુમાર, સંજય વર્મા, સતિષ ઠક્કર, અમિત મહેરિયા, મહેશ રામી અને સિવિલ હોસ્પિટલ ગાંધીનગરની સમગ્ર ટીમે આ સફળ આયોજન માટે જહેમત ઉઠાવી હતી.

## નિકી હોસ્પિટલ દ્વારા વિનામુલ્યે ડેન્ટલ ચેક-અપ કેમ્પ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરની જુની અને જાણીતી નિકી હોસ્પિટલ દ્વારા આગામી તા. ૧૪ એપ્રિલને રવિવારના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન ઉગતી કોર્પોરેટ પાર્ક કુડાસણ ૬ છઠ્ઠા માળે ફ્રી ડેન્ટલ ચેકઅપ યોજાશે. નિકી હોસ્પિટલ દ્વારા ૪૪ માં ફ્રી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તે ઉપરાંત ગાંધીનગરના સૌથી સિનિયર સ્ત્રી રોગના નિષ્ણાંત ડોકટર દ્વારા નિઃસંતાન દંપતિ માટે ફ્રી નિદાન કેમ્પ પણ રાખવામાં આવેલ છે. આ કેમ્પનો સૌ નગરજનોને લાભ લેવા નિકી હોસ્પિટલ દ્વારા અનુરોધ કરાયો છે.જયારે શહેરની એક માત્ર નિકી હોસ્પિટલમાં ૨૪ કલાક બાળ સર્જરીની સેવા આપવામાં આવે છે.

## પરિણીતાના આત્મહત્યા કેસમાં પતિ અને સાસરીયા સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨

વાવોલ ગામમાં આવેલી હરીનગર સોસાયટી ખાતે રહેતી એક પરિણીતાના આત્મહત્યા કેસમાં પતિ અને સાસરીયા સામે ફરીયાદ નોંધાઈ છે. દીકરી પર ખોટા વ્હેમ રાખી મારઝુડ કરી શારીરીક માનસિક ત્રાસ આપી આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ સહિતની ફરીયાદ સેકટર-૭ પોલીસ મથકે મૃતક પરિણીતાના પિતાએ નોંધાવી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મધ્યપ્રદેશના છીન્દવાડાના પથ્થરકુટી ગામે રહેતા દયારામ બિરબલ સુર્યવંશીએ નોંધાવેલ ફરીયાદ મુજબ ગત્ તા.૧૮ એપ્રિલ ૨૦૧૮ ના રોજ તેમની દિકરી કિરણના લગ્ન છીન્દવાડાના ચંદનગામના મયંક વસંતજી ખુબેલે સાથે વિધીવત રીતે થયા હતા. તે સમયે તેમણે દિકરીને પોતાની યોગ્યતા મુજબ પાંચ તોલા સોનાના ઘરેણા, ફર્નીચર, વોશીંગ મશીન, ફ્રીઝ, સહિત બાઈક આપ્યું હતું. પરંતુ પરિણિતાના પતિને બેંક ઓફ બરોડામાં ગાંધીનગર ખાતે નોકરી લાગી હોવાથી પરિણીતા સપ્ટેમ્બર-૨૦૧૮ માં વાવોલ હરીનગર ખાતે પતિ સાથે રહેવા આવી હતી. ત્યારબાદ માત્ર બે જ મહિનામાં પરિણિતાએ તેના પિતાને પતિ ખોટા વ્હેમ રાખીને મારઝુડ કરે છે અને ગાડી લાવવા માટે બે લાખ રૂપીયાની માંગ કરે છે. દિવાળી સમયે કિરણ તેના પિયર મધ્યપ્રદેશ ગઈ હતી ત્યારે સાસુ-સસરા, માસી સાસુ, પણ પતિને ચઢામણી કરીને બે લાખ લાવવા માટે દબાણ કરતા હોવાનું માતા પિતાએ કહ્યું હતું. પતિ મારઝુડ કરતો હોવાથી કિરણ સાસરીમાં પરત જવાની ના પાડતી હતી. જો કે માતા-પિતાએ સમજાવીને તેને ગાંધીનગર મોકલી હતી. ગત્ તા.૨૪ માર્ચને ૨૦૧૯ ના રોજ કિરણના માસી સાસુએ તેના પિતાને બપોરે ફોન કરીને કહ્યું હતુ કે કિરણ સિરીયસ છે તમારે ગાંધીનગર સિવિલ આવવુ પડશે. તેઓ સાંજે નિકળવાની તૈયારીમાં હતા. ત્યારે જમાઈ મયંકનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે તમે ન આવતા અમે કિરણનો મૃતદેહ લઈને આવીએ છીએ. પરિવાર પુત્રીના મૃતદેહની રાહમાં બેઠો હતો. ત્યારે બીજા દિવસે બપોરે સાડાબાર વાગ્યાના સુમારે જમાઈ દિકરીનો મૃતદેહ લઈને આવ્યો હતો. દિકરીના અંતિમ સંસ્કાર કર્યા બાદ ગુરુવારને તા. ૧૧ માર્ચે પિતા આ અંગે ફરીયાદ આપવા માટે ગાંધીનગર આવ્યા હતા. પિતાની ફરીયાદ મુજબ બે લાખ રૂપીયા માટે પતિ-સાસરીયાનો ત્રાસ સહન ન થતા દિકરી કિરણે ગત તા.૨૪ માર્ચને સવારે ૮ વાગ્યાના અરસામાં અનાજમાં નાંખવાની દવા પી લઈને આપઘાત કરી લીધો હતો. આપઘાત કરવા માટે પ્રેરિત પિતાની ફરીયાદના આધારે પોલીસે મૃતક પરિણિતાના પતિ મયંક વસંતજી ખુબેલે, સાસુ-સસરા અને માસી સાસુ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સેકટર-૨૧ ખાતે પાર્કીંગમાં સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં આઈપીએલમાં સટ્ટાબજાર ગરમાયું છે. રાત્રીના સમયે ક્રિકેટ પ્રેમીઓ મેચ નિહાળવા માટે ગોઠવાઈ જાય છે. ત્યારે સેકટર-૨૧ ખાતે ખુલ્લા પાર્કીંગમાંથી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા શખ્સને પોલીસે પકડી પાડ્યો છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવિકુમારને સટ્ટો રમતા શખ્સ અંગે બાતમી મળી હતી. જેના પગલે પોલીસે ગુરુવારના રોજ રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં દરોડો પાડતા મોબાઈલ એપ્લિકેશન પર ચેન્નઈ સુપરકીંગ અને રાજસ્થાન રોયલ વચ્ચે રમાઈ રહેલી મેચ પર સટ્ટો રમતો શખ્સ રંગેહાથ ઝડપાઈ ગયો હતો. સટ્ટો રમતા પકડાયેલા યુવક વિશાલ સુરેશકુમાર બલવાની રહે. પ્લોટનં ૧૭-૧૯૭ સહયોગ એપાર્ટમેન્ટ સે-૨૪ પાસેથી પોલીસે એક ફોન, રૂ.૯૦૦ રોકડા મળી કુલ રૂ.૩૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે. પોલીસે આરોપીની પુછતાછ કરતા યુવક કોઈ બસીર નામના ઈસમ પાસે સટ્ટો લખાવતો હતો. પોલીસે યુવક સામે જુગાર ધારાનો ગુનો નોંધી બસીરને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મહિલા પોલીંગ સ્ટાફનો તાલીમ કાર્યક્રમ યોજાયો







ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સંસદીય મત વિસ્તારના ગાંધીનગર (ઉ) વિધાનસભા મતદાર વિભાગના મહિલા પોલીંગ સ્ટાફ તાલીમ કાર્યક્રમનું આયોજન ગાંધીનગરની સેકટર-૨૩ કડી સંકુલની નાથીબા કોમર્સ કોલેજ ખાતે કરવામાં આવ્યું હતું. પોસ્ટલ બેલેટથી મતદાન પણ આ સ્થળ ખાતે યોજાયું હતું.

ગાંધીનગર (ઉ)ના એ.આર.ઓ અને પ્રાંતઅધિકારી શ્રી જે.એમ. ભોરણીયાએ જણાવ્યું હતું કે, મતદાનના દિવસે મતદાન મથક પર ફરજ બજાવનાર કર્મચારીઓ પણ પોતાના મતદાન કરવાના અધિકારીનો ઉપયોગ કરી શકે તે માટે પોસ્ટલ બેલેટથી મતદાન કરવવામાં આવે છે. તેમજ પોતાની ફરજ પરના મતદાન મથક પર મતાઅધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ઇ.ડી.સી આપવામાં આવે છે. આજે પોલીંગ સ્ટાફમાં ફરજ બજાવનાર મહિલાઓની તાલીમ યોજાઇ હતી.

આજે ગાંધીનગર(ઉ)ના ૩૦૦ જેટલા પોલીંગ સ્ટાફમાં ફરજ બજાવનાર મહિલા કર્મચારીઓને નોકરીના સ્થળે મતદાન કરી શકે તેવી અનુકુળતા માટે ઈલેકશન ડ્યુટી સર્ટીફીકેટ (ઇ.ડી.સી) આપવામાં આવ્યા છે. તે ઉપરાંત પોસ્ટલ બેલેટ મતદાન યોજાયું હતું. જેમાં કુલ – ૮૩ કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરવાના હતા. જેમાં કલોલ વિધાનસભા મતદાર વિભાગના ૪, માણસા વિધાનસભા મતદાર વિભાગના ૯ અને ગાંધીનગર (દ) વિધાનસભા મતદાર વિભાગના ૭૦ કર્મચારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કરવાના છે. તે ઉપરાંત દહેગામ અને ગાંધીનગર(ઉ)માં શૂન્ય પોસ્ટલ બેલેટથી મતદાન થયું હતું. આવતીકાલે પ્રીસાઇડીંગ અને પી.ઓ-૧ ની તાલીમ યોજાશે. આ જ રીતે પોસ્ટલ બેલેટથી મતદાન પણ કરાવવામાં આવશે.

# સલામ છે સિવિલના આઈસીસીયુના તબીબો તેમજ પેરામેડિકલ સ્ટાફને







**છેલ્લા સાત વર્ષમાં ગાંધીનગરથી ૭૦ કિમીની ત્રિજયામાં આવેલ ૧૫ જેટલા વૃદ્ધાશ્રમોના ૬૦૦ દાદા-દાદીઓને વિનામૂલ્યે દર બે મહિને નિયમિત તબીબી સેવાઓ પુરી પાડવામાં આવે છે**

●●●●●●

**સરકારી ફરજો બાદના સમયમાં ચોકકસ આયોજન થકી વૃદ્ધાશ્રમમાં જઈ કાયમી બિમારીઓ માટે અવિરત પણે વિનામૂલ્યે દવાઓ પૂરી પાડવામાં આવે છે**

ગાંધીનગર, તા.૧૨

આજની નવી પેઢી તેમજ જૂની પેઢીના વૈચારિક મતભેદોના કારણે છેલ્લા ઘણાં સમયથી સમાજમાં વૃદ્ધાશ્રમો જેવી સંસ્થાઓનો ઉદય થયો છે ત્યારે આ વૃદ્ધાશ્રમોમાં રહેતા દાદા દાદીઓને આરોગ્યલક્ષી સેવાઓ વિનામૂલ્યે પૂરી પાડવાનું ભગીરથ કામ કરવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આઈસીસીયુ તથા રાજભવન ખાતે ફરજ બજાવતા તબીબો અને પેરામેડિકલ સ્ટાફે બીડું ઝડપ્યું અને સનસેટ મેડિકલ રીલિફ ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટના માધ્યમ દ્વારા આ કામગીરી દર બે મહિને નિયમિત રીતે કરવામાં આવે છે. સલામ છે આ તબીબો અને પેરામેડિકલ સ્ટાફની માનવીય સંવેદનાઓને. સરકારી ફરજો બાદના સમયમાં સમયપત્રક મુજબ વૃદ્ધાશ્રમમાં જઈ આ કર્મીઓ દ્વારા દાદા-દાદીઓને કાયમી બિમારીઓ માટે અવિરતપણે વિનામૂલ્યે સારવાર દવાઓ પૂરી પાડવામાં આવે છે.

સનસેટ મેડિકલ રીલિફ ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટના માધ્યમ દ્વારા તાજેતરમાં વિશ્વ આરોગ્ય સંસ્થા દિવસના ઉપક્રમે કણભા તથા સીંગરવા ખાતેના વૃદ્ધાશ્રમોમાં મેડિકલ કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરથી ૭૦ કિમીની ત્રીજયામાં આવેલા પેથાપુર, પીંડારડા, કડી, કલોલ, કણભા, સીંગરવા, મહેસાણા, ટીંટોદણ, માણસા, વરસોડા, મહુડી, પ્રાંતિજ, વિજાપુર, મગોડી જેવા ૫ ગામોના વૃદ્ધાશ્રમોમાં જીવાતી ૬૦૦ જેટલી જીંદગીઓ (૬૦૦ દાદા-દાદીઓ)ને વિનામૂલ્યે મેડિકલ સવાઓ પૂરી પાડવાનું બીડું ઝડપ્યું છે. છેલ્લા ૯ વર્ષથી ચલાવવામાં આવતી આ એક અવિરત માનવીય સંવેદનાને સ્પર્શતી સામાજિક સેવાઓની પ્રવૃત્તિ છે.

દર બે મહિને નિયમિત રીતે આ સેવા યજ્ઞમાં કામ કરતા તબીબો તથા પેરામેડિકલ સ્ટાફ દ્વારા પોતાની સરકારી ફરજો બાદના સમયમાં ચોકકસ સમયપત્રક બનાવી વૃદ્ધાશ્રમ ખાતે રૂબરૂ મુલાકાત કરીને દાદા દાદીઓની કાયમી બિમારીઓ જેવી કે બી.પી., ડાયાબિટીસ, અસ્થમા, ખેંચ, થાઈરોઈડ, પ્રોસ્ટેટ વગેરે જેવી બીમારીઓમાં દવા અને સારવાર અવિરત પણે પૂરી પાડવામાં આવે છે આ ઉપરાંત દૈનિક જરૂરીયાત મુજબ તાવ ખાંસી, દુખાવો, ઝાડા ઉલ્ટી જેવી દવાઓ પણ પૂરી પડાય છે. તમામ દાદા દાદીઓને પાછલી ઉમરે જરુરી કેલ્શિયમ, મલ્ટી વિટામિન, આયોડેકસ મલમ, બામ, વાઢિયાનો મલમ, સાંધાના દુખાવા માટે પેઈન કીલર જેલ પણ પુરી પાડવામાં આવે છે. તેમજ શારીરિક વિકલાંગ વડિલોને વ્હીલચેર, વોકર સ્ટીક, ઘોડી સહિતની સુવિધાઓ પણ પુરી પાડવામાં આવી રહી છે. આ વડિલોનું દર બે મહિને બીપી, ડાયાબિટીશ તેમજ જનરલ તપાસ કરીને સમગ્ર ડેટા ફાઈલ વાઈઝ કેસશીટ બનાવી સતત મોનીટરીંગ પણ કરવામાં આવે છે.

આ ટ્રસ્ટ તા. ૨૨-૪-૨૦૧૦થી કાર્યરત થયું છે છેલ્લા ૯ વર્ષમાં લગભગ ૭૫૦થી ઉપર કેમ્પ કરવામાં આવ્યા છે. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. આર.એચ. ચૌહાણના માર્ગદર્શન હેઠળ રાજભવન ખાતે ફરજ બજાવતા ડૉ. શશાંક સીમ્પી તેમજ આઈસીસીયુ ગાંધીનગર ખાતે ફરજ બજાવતા ડૉ. પરેશ ગજ્જર, ડૉ. વિનયકુમાર, ડૉ. કલ્પેશ પરીખ તથા અન્ય સ્ટાફગણ ખૂબ ઉત્સાહપૂર્વક કામગીરી કરે છે. આ સેવા કાર્યમા સરકારી સેવામાંથી નિવૃત્ત થયેલ સીનિયર સિટિઝન ડૉ. જે.જે. પરમાર તથા યોગેશભાઈ ગાંધી પણ જોડાયા છે. આ સેવાકીય કામગીરીમાં જોડાયેલ દરેક વ્યકિતને સમાજ સેવાનો ઉમદા લ્હાવો મળી રહ્યો છે તેનો અનહદ આનંદ અને આત્મ સંતોષ છે. પોતાની અપેક્ષિત ફરજોના ધોરણેથી ઉપર જઈ કામ કરતા આ તમામ સાચા કર્મયોગીઓને સલામ છે.

## રવિવારે વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા મહિલા સંમેલન

ગાંધીનગર, તા.૧૨

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા તા. ૧૪મી એપ્રિલ રવિવારે શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર સંકુલ હોલ સેકટર-૧૨ ખાતે બપોરના ચાર વાગે મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. સંમેલનમાં હાજર રહેવા ઈચ્છતી સમાજની મહિલાઓએ ખુશ્બુ ગજ્જર-૮૭૫૮૨૦૦૦૭૫, મીનાબેન મિસ્ત્રી ૯૪૨૭૫૪૬૯૯૧નો સંપર્ક સાધવો તેમ વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગરના પ્રમુખ બાબુલાલ જે. સુથારે જણાવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. આનંદીબેન રામભાઈ ઉપાધ્યાય, ઉ.વ. ૮૨
- સ્વ. અરવિંદ ભીખાલાલ મકવાણા, ઉ.વ. ૪૫
- સ્વ. રામસંગજી સગાજી ખાંટ, ઉ.વ. ૫૭
- સ્વ. વસંતીબેન અંબાલાલ ત્રિવેદી, ઉ.વ. ૯૭